સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના વિદ્યાર્થીઓ માટે ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયોમાં માન્ય સંખ્યામાં ૩૦૦૦ સંખ્યાનો વધારો કરવાની નવી બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃસશપ/૧૦૨૦૧૩/ન.બા-૨૪૦./અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- - 1 AUG 2014

વંચાણે લીધાઃ-

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા.૯/૧૨/૨૦૧૩ નો પત્ર ક્રમાંકઃ વિજાક/ છતલ/ ન.બા./ ૨૦૧૩-૧૪/ ૧૧૦૯

ઠ રા વઃ-

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે તેમનામાં શિક્ષણનો પ્રસાર થાય તે માટે તેમને પુરતી સુવિધાઓ સાથે શિક્ષણ સહેલાઈ થી મળી શકે તેમાટે નિયામકશ્રી (વિજા) ના ઉપર વંચાણે લીધેલ તાઃ૯/૧૨/૨૦૧૩ ના પત્રથી કરવામાં આવેલ દરખાસ્ત અન્વયે સ્વૈચ્છિક સંસ્થાઓ મારફત ચાલતા ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયઓમાં છાત્રોની માન્ય સંખ્યામાં વધારો કરવાની બાબત સરકારની સક્રિય વિચારણા હેઠળ હતી તેના અનુસંધાને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના વિદ્યાર્થીઓના ગ્રાન્ટ- ઈન - એઈડ છાત્રાલયોમાં માન્ય સંખ્યામાં ૩૦૦૦ સંખ્યાનો વધારો કરવા, રૂ.૩૦૦/- લાખં નો સને ૨૦૧૪-૧૫ના અંદાજપત્રમાં જોગવાઈ કરવામાં આવેલ છે, જેનો ખર્ચ કરવાની નીચેની શરતોને આધીન વહીવટી મંજુરી આપવામાં આવે છે.

(૧) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઈ અને નાંણા વિભાગ ધ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં રહીને કરવાનો રહેશે.

(૨) આ અંગે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા જરુરીયાત પ્રમાણે આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનુ ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો/ પરિપત્રો અને જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનુ પાલન કરવાનું રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ, બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનુ ચૂસ્ત પણે પાલન કરવાનું રહેશે.

(૭) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકાર ના આદેશો મેળવી લેવાના રહેશે.

(૮) ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયોમાં થનારા સંખ્યા વધારા સામે કોઈ પણ જાતના કર્મચારીની માગણી કે વધારો કરવા માટે હાલ તેમજ ભવિષ્યમાં પણ દરખાસ્ત કરવાની રહેશે નહિં.

(૯) વિદ્યાર્થી દીઠ ફક્ત રૂ.૧૦૦૦/- નિભાવ ગ્રાન્ટ ૧૦ માસ માટે ચુકવવાની રહેશે.

(૧૦) આ યોજનાની અન્ય શરતો યથાવત રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંકઃ૯૨ મુખ્ય સદર ૨૨૨૫, અનુ.જાતિ, અનુ.જન જાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, મુખ્ય પેટા સદર-૦૩ પછાત વર્ગોનું કલ્યાણ, ગૌણ સદર-૨૭૭ શિક્ષણ, (૧૧) બીસીકે-૮૮ ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયો, સદર હેઠળ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર અધિક મુખ્ય સચિવશ્રી(નાણાં )ની તા.૧૮/૬/૨૦૧૪ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( પી.એમ ભાવસાર )
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
નિયામકશ્રી,
વિકસતી જાતિ કલ્યાણ ખાતું,
ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

<u>નકલ રવાનાઃ-</u>

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, સા.ન્યા.અને અ.વ.ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- તમામ જિલ્લા નાયબ નિયામકશ્રી/ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (વિ.જા)
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી, (સા.ન્યા.અને અધિ.વિ.) સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ/ગ/અ-શાખા, સા.ન્યા. અને અ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ.